# વાદળો વચ્ચે લુપાછુપી રમતા મેઘરાજા ફરી હાથતાળી આપી ગયા

## દિવસના બફારાના અંતે મોડી સાંજે હળવુ વરસાદી ઝાપટુ : મેઘરાજા મનમુકીને ન વરસતા નગરજનો ગરમીથી ત્રસ્ત

ગાંધીનગર તા ૨૩

શહેરમાં છેલ્લા બે દિવસથી મેઘરાજા હાઉકલી કરીને અદ્રશ્ય થઈ જાય છે. દિવસ દરમિયાન તડકી છાયડીના માહોલ વચ્ચે અસહ્ય બફારાથી નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધી રહયુ છે. ત્યારે દિવસના ઉકળાટ બાદ અચાનક જ આજે મોડી સાંજે વરસાદી વાયરા સાથે હળવુ ઝાપટુ પડયુ હતુ. જો કે મેઘરાજા હજુ મન મુકીને ન વરસતા નગરજનો મુશળધાર વરસાદની વાટે છે.

શહેરમાં વરસાદી મોસમ હજુ જામી નથી. અલબત્ત ચોમાસાનો હજુ વિધિવત રીતે પ્રારંભ થયો નથી. રોજબરોજ મેઘરાજા હાઉકલી કરીને અદ્રશ્ય થઈ જાય છે. વરસાદન ગેરહાજરી વચ્ચે દિવસ દરમિયાન વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અનુભવતા નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા છે. દિવસે આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસશે તેવી આશ સાથે ખેડુતો પણ નભ તરફ નજર માંડીને બેઠા છે. જયારે એકબાજુ તડકી છાયડીના માહોલ વચ્ચે શહેરમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળી રહયો છે. જયારે ગોરંભાયેલા વાદળો છુટાછવાયા છાંટણા વરસાવી વિદાય લેતા વરસાદની મોસમ નિખરતી નથી. આજે પણ દિવસ દરમિયાન અસહ્ય ગરમીના લીધે નગરજનો બેબાકળા બની ગયા હતા સવારના સમયે નગરમાં છુટાછવાયા વરસાદી ઝાપટા પડયા હતા. જયારે સાંજ ઢળતા જ ફરીએકવાર આકાશમાં કાળા ડીબાંગ વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. મોડી સાંજે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. પરંતુ મેઘરાજા મન મુકીને ન વરસતા વરસાદે ફરી હાથતાળી આપી હતી. શહેરમાં રોજબરોજ વરસાદી વાયરાની વચ્ચે મોસમમાં સતત બદલાવ જોવા મળી રહયો છે. જયારે વરસાદ હવે મન મુકીને વરસે તે તરફ સો કોઈની મીટ મંડરાઈ છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા એકબાજુ ગરમીના લીધે નગરજનોની અકળામણ વધી છે. ત્યારે માત્ર છાંટણા વરસાવી વાદળો વચ્ચે લુપાછુપી રમતા મેઘરાજા હવે મહેર કરે તે તરફ સો કોઈ મીટ માંડીને બેઠા છે. વરસાદની વાટે રહેલા નગરજનો ભીંજારાની મજા લેવા પણ બહાર નીકળી પડે છે.



## સે-૧૨ વિવેકાનંદ સ્કુલ ખાતે પ્રવેશોત્સવ યોજાયો

### મહેન્દ્રભાઈ ત્રિવેદીએ બાળકોને તિલક કરી શાળામાં પ્રવેશ કરાવ્યો

ગાંધીનગર, તા.૨૩

આજના સમયનું ભણતર મશીન જેવું બનાવી દીધું છે. શાળામાં શિક્ષક, ઘરે માતા-પિતા તેમજ પરિવારના સભ્યો બાળકને કહે છે કે



બેટા ભણજે, સારા માર્ક લાવજે, સારુ શિક્ષણ મેળવજે.. પરંતુ કોઈપણ વ્યકિતએ ભાવથી કે લાગણી વિના કરેલું કામ યંત્રવત કહેવાય. અત્યારના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભણતરને બોજારૂપ બનાવ્યું છે. ત્યારે ભણતરમાં ઓતપ્રોત થઈ જાવ તો ભણતર બોજારૂપ નહીં લાગે અને ભણતરમાં આનંદ આવશે તેમ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીએ બાળકોનો શાળા પ્રવેશોત્સવ દરમિયાન પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં તંત્ર દ્વારા શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે. ત્યારે શહેરના સેકટર-૧૨ સ્થિત સરકારી પ્રાથમિક શાળામાં સવારે ૮ કલાકે અને સવારે ૧૧ કલાકે સ્વામી વિવેકાનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના પ્રારંભે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે દિપપ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ સુંદર સ્વાગત ગીત રજુ કર્યું હતું. પ્રાર્થના અને યોગનિદર્શન પણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

જયારે આમંત્રિત મહેમાનના હસ્તે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. જયારે સવારે પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૧માં ૮ નાના ભુલકાઓને સ્કુલબેગ અને અભ્યાસની કીટ આપીને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. ત્યારબાદ બાળકોનું ગણન, લેખન અને વાંચનની કસોટી કરીને મુલ્યાંકન કર્યું હતું.જયારે સવારે ૧૧ કલાકે સ્વામી વિવેકાનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-૯માં ૨૩ વિદ્યાર્થીઓને તિલક કરીને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક અને અભ્સાયકીય કીટ આપીને પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે બાળકોએ અમૃત વચનમાં બેટી બચાવો, વૃક્ષારોપણ અને સ્વચ્છતા વિષય પર સુંદર વકતવ્ય આપ્યું હતું. જયારે એક વિદ્યાર્થીનીને સાયકલ આપવામાં આવી હતી. આ પ્રસંગે સીઆરસી રાહુલભાઈ, મનપાના અધિકારી ધનંજય રાણા, બંન્ને શાળાના આચાર્ય, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડો.કનુભાઈ પટેલ, કૌશલ્યાબેન, સહિત વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## સે-૭ની હાઈસ્કુલના બાળકોને પોલીસ બનવાની સૌથી વધુ ઈચ્છા

### પ્રવેશોત્સવના પ્રવચનમાં મુખ્ય સચિવની બાળકો સાથેની પ્રશ્નોત્તરીમાં ચિત્ર ઉપસી આવ્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરની સે-૭માં આવેલ માધ્યમિક શાળાના બાળકોને પોલિસ બનવામાં સૌથી વધુ રસ છે આ શાળાના બાળકોને અધિકારી સેવા કે ડોકટર, એન્જીનીયર બનવામાં કે ચાર્ટડ એકાઉન્ટન્ટ થવામાં બિલકુલ રસ નથી.

શહેરમાં ચાલી રહેલા ત્રિદિવસીય પ્રવેશોત્સવના આજે બીજા દિવસે મુખ્ય સચિવશ્રી જે.એન. સિંઘે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં આ અંગે બાળકો સાથે જાહેરમાં પ્રશ્નોત્તરી કરી ત્યારે આ ચિત્ર બહાર આવ્યું હતું.

એક પણ વિદ્યાર્થીએ ડૉકટર, એન્જીનીયર કે વાણિજય પ્રવાહની અન્ય પ્રતિષ્ઠીત વ્યવસાયમાં જોડાવા માટે હાથ ઉંચો કર્યો ન હતો જયારે પોલીસમાં જવા કેટલા બાળકો ઈચ્છુક છે તેવું પુછતાં તમામ બાળકોએ હાથ ઉંચો કર્યો હતો. એટલે મુખ્ય સચિવે પુછયું કે પોલીસ થવું છે કે અધિકારી ત્યારે પણ મોટા ભાગના બાળકોએ પોલીસ થવામાં જ રસ દાખવ્યો હતો.

મુખ્ય સચિવશ્રીએ આજે ધો-૯માં ૧૭૪ બાળકોને અને ધો-૧૧માં ૧૩૩ બાળકોને તો ધો-૧માં ૧૫ બાળકોને પ્રવેશ કરાવ્યો હતો.

મુખ્ય સચિવશ્રીએ નર્મદા યોજનાને લઈ પણ બાળકો સાથે પ્રશ્નોત્તરી કરી સરદાર સરોવર ડેમ કયાં આવ્યો છે? કચ્છમાં પાણી લઈ જવાય છે તો કચ્છ કઈ દિશામાં આવેલું છે? તેવા પ્રશ્નો પુછયા હતા.

તેમણે જણાવ્યું કે વરસાદ હજુ આવુ આવુ થઈ રહ્યો છે ત્યારે જિલ્લામાં ભૂગર્ભ જળની સપાટી નીચે ઉતરી રહી છે અને આપણે બધા નર્મદાનું પાણી પી રહ્યા છે તે વિશે પણ વાત કરી બાળકોને સરદાર સરોવર ડેમની અગત્યતા સમજાવી હતી.

તેમણે બંધુત્વની ભાવના થકી સમરસ સમાજના નિર્માણ માટે અપીલ કરતાં બાળકો સાથે પ્રશ્નોત્તરી કરી જણાવ્યું કે કેટલા ભાઈઓને બહેન છે? કેટલી બહેનોને ભાઈ છે? તમારા વચ્ચે ભાઈ-બ્હેનના પ્રેમને અમર પ્રેમ બનાવજો જેનાથી સમરસ સમાજની રચના ઝડપી બને.

તેમણે પ્રવેશોત્સવ પર્વને લઈ બાળકોએ સ્વચ્છતા, બેટી બચાવો તેમજ જળ એ જ જીવન વિષયના વકતવ્યોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

## જિલ્લાના મોટાભાગના પોલીસ સ્ટેશન ચાર્જમાં...!

### અમદાવાદ રથયાત્રા બંદોબસ્ત માટે એક ડીવાયએસપી ૯ પીઆઈ સહિત ૨૩૦ પોલીસ અધિકારી-કર્મચારી ગાંધીનગરથી મોકલવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદ રથયાત્રામાં આતંકી હુમલાની દહેશતને પગલે લોખંડી સુરક્ષા વ્યવસ્થા માટે ચાંપતો પોલિસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જે અનુસંધાને તમામ જિલ્લાઓમાંથી પોલિસ અધિકારી-કર્મચારીઓને બંદોબસ્ત માટે અમદાવાદ તૈનાત કરવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ એક ડીવાયએસપી, ૯ પીઆઈ સહિત ૨૩૦ પોલિસ અધિકારી-કર્મચારીને અમદાવાદ રથયાત્રા બંદોબસ્તમાં મોકલવામાં આવતા ગાંધીનગર જિલ્લાના મોટાભાગના પોલિસ સ્ટેશન ચાર્જમાં ચાલી રહ્યા છે.

અમદાવાદ રથયાત્રામાં રાજયના તમામ જિલ્લામાંથી અમદાવાદ વિસ્તારમાં અનુભવી પોલિસને બંદોબસ્ત માટે મુકવામાં આવી છે. એસઆરપી ગોઠવવા ઉપરાંત વોચ ટાવરો ઉભા કરવામાં આવ્યા છે અને ડ્રોન પણ ઉડાડવામાં આવનાર છે. આતંકી હુમલાની દહેશતને પગલ કડક પોલિસ બંદોબસ્ત મુકી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ અનુસંધાને ગાંધીનગર જિલ્લામાંથી એક ડીવાયએસપી, ૯ પીઆઈ, ૨૦ પીએસઆઈ અને ૨૦૦ પોલિસ કર્મચારીઓ મળીને ૨૩૦ પોલિસ અધિકારી કર્મચારીઓને રથયાત્રા બંદોબસ્ત માટે અમદાવાદ મોકલવામાં આવ્યા છે. જેને પગલે ગાંધીનગર જિલ્લાના મોટા ભાગના પોલિસ સ્ટેશનો બે દિવસ માટે ચાર્જમાં ચાલશે.

## જલુંદ ખાતે યોજાયેલ વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ તાલીમ કાર્યક્રમ

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા દ્વારા આયોજીત એક દિવસીય પશુપાલન પ્રશિક્ષણ તાલીમ કાર્યક્રમ જિલ્લાના જલુંદ ગામ ખાતે યોજવામાં આવેલ. મુખ્ય અતિથી તરીકે સંશોધન નિયામક ડૉ. ડી.બી. પાટીલ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. વાટલીયા તેમજ સહ સંશોધન નિયામક ડૉ. આર.જી. શાહ ખાસ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમમાં જુદા જુદા વિષય નિષ્ણાંતો દ્વારા પશુપાલકોને આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા દૂધ ઉત્પાદન તેમજ આવકમાં વધારો કરવા માટે પદ્ધતિસરની માહિતી આપવામાં આવેલ. તાલીમના અંતે દરેક વક્તાઓ અને તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

## ન્યુ ક્રેડીટ સોસાયટીની ચૂંટણીનું પરિણામ



ગાંધીનગર, તા. ૨૩

સચિવાલયમાં ન્યુ ક્રેડીટ સોસાયટીના નામે બનેલ ધ ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટરની પાંચ જગ્યા માટે યોજાયેલી ચૂંટણીનુ મોડી રાત્રે પરિણામ જાહેર થયુ છે. રોમાંચક ચૂંટણી જંગમાં સર્વ જયંતિલાલ સાધુ, ઉમેશકુમાર વસાવા, જયેશકુમાર જોષી, મૌલિકકુમાર પટેલ અને ધવલ શાહ જંગી બહુમતીથી વિજયી બન્યા હતા.

સોસાયટીની ગુરૂવારે યોજાયેલ ચૂંટણીમાં ૧૪ ઉમેદવાર મેદાનમાં હતા. દિવસ દરમ્યાન સંસ્થાના ૧૪૮૧ સભ્યોમાંથી ૧૧૨૧ સભ્યોએ મતદાન કર્યુ હતુ. જેમાં ૧૫ મત રદ થયા હતા. છેલ્લા દસ દિવસથી ચૂંટણીના પગલે કર્મચારીઓમાં ભારે ઉત્તેજના પ્રવર્તતી હતી. પ્રચાર ઝુંબેશ પણ પેનલવાઈઝ થઈ હતી અને ભારે રસાકસી બાદ ઉમેશ વસાવાની પેનલ વિજયી બની હતી.

### કોને કેટલા મત મળ્યા

| ક્રમ | નામ | મેળવેલ મત |
|---|---|---|
| ૧ | ઉમેશ વસાવા | ૫૪૩ |
| ૨ | કનુભાઈ પટેલ | ૩૮૫ |
| ૩ | ચિરાગસિંહ ઝાલા | ૩૮૯ |
| ૪ | ચેતનકુમાર દવે | ૪૧૩ |
| ૫ | જયેશકુમાર જોષી | ૫૧૩ |
| ૬ | જયંતિલાલ સાધુ | ૬૩૬ |
| ૭ | દિનેશકુમાર ચૌહાણ | ૨૨૮ |
| ૮ | ધવલ શાહ | ૪૫૩ |
| ૯ | ધ્રુવરાજસિંહ ચુડાસમા | ૨૯૮ |
| ૧૦ | પ્રતાપસિંહ ચૌહાણ | ૩૧૩ |
| ૧૧ | બળવંતરાય મિસ્ત્રી | ૩૧૫ |
| ૧૨ | મૌલીકકુમાર પટેલ | ૪૮૦ |
| ૧૩ | વિરલ દુબ્બલ | ૨૫૨ |
| ૧૪ | શૈલેષકુમાર મજમુદાર | ૩૧૨ |



પ્રવેશોત્સવ : શહેરની શાળાઓમાં આજકાલ પ્રવેશોત્સવ યોજાઈ રહ્યા છે. સેક્ટર-૧૫ ફતેપુરા પ્રાથમિક શાળામાં શુક્રવારે યોજાયેલા પ્રવેશોત્સવમાં ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે ધોરણ-૧ના વિદ્યાર્થીઓનું નામાંકન કરી હતું. બાળકોને આવકારતા અશોક પટેલે શિક્ષણની મહત્તા સમજાવી હતી.

## ગાંધીનગર ખાતે યોજાયેલ તાલુકાના સરપંચોનું અધિવેશન

### પંચાયતોના અધિકારોમાં હસ્તક્ષેપ કરવા બદલ સરપંચોનો આક્રોશ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારે તાજેતરમાં ગ્રામ પંચાયત ફંડમાંથી નાણાંકીય લેવડ-દેવડ કરવા અંગેના અધિકારોમાં હસ્તક્ષેપ કરી સરપંચના બદલે ત.ક. મંત્રીની સહીને ફરજીયાત બનાવતાં ગાંધીનગર તાલુકાના સરપંચોએ આ બાબતનો શખ્ત વિરોધ કરતાં રાજ્ય સરકારના નિર્ણય બદલ આવેદનપત્ર આપવા નિર્ણય કરવા તા. ૨૨-૬-૨૦૧૭ના રોજ ગાંધીનગર મુકામે પંચાયત પરિષદ સભાખંડમાં સરપંચોનું સંમેલન મળેલ. આ સંમેલનને ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારધી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને જિલ્લા પંચાતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ. અને તેમના સાનિધ્યમાં તાલુકાના સરંપચોના એસોસીએશન રચના કરવામાં આવેલ. ત્યારબાદ આ અંગેનું આવેદનપત્ર જિલ્લા વિકાસ અધિકારી-ગાંધીનગરને ઉપર જણાવેલ મહાનુભાવોની હાજરીમાં સુપ્રત કરવામાં આવેલ.

ગાંધીનગર તાલુકા સરપંચોના એસોસીયેશનના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ.

| | |
|---|---|
| પટેલ વિનોદભાઈ હીરાભાઈ (ચંદ્રાલા સરપંચ) | પ્રમુખ |
| શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ પટેલ (ખોરજ) | ઉપપ્રમુખ |
| ઠાકોર કાનાજી શંકરજી (પોર સરપંચ) | ઉપપ્રમુખ |
| શ્રીમતી વાઘેલા પ્રિયંકાબા વિનયસિંહ (વાસણા) | મહામંત્રી |
| શ્રીમતી સુનિતાબેન હર્ષદભાઈ પટેલ (ભાટ) | મહામંત્રી |
| વાઘેલા ઈશ્વરભાઈ એ. (અડાલજ) | મહામંત્રી |
| પટેલ હર્ષદભાઈ બાબુભાઈ (લીંબડીયા) | મંત્રી |
| શ્રીમતિ ગૌરીબેન વિરમજી ઠાકોર (આદરજમોટી) | મંત્રી |
| શ્રીમતિ આશાબેન નટવરજી ઠાકોર (મહુધરા) | ખજાનચી |


**● સલાહકાર સમિતિ**

- શ્રીમતિ દેસાઈ રેવાબેન ધરમશીભાઈ (સાદરા)
- શ્રીમતિ પટેલ નિરૂબેન રોહિતભાઈ (મોતીપુરા)
- શ્રીમતિ ઠાકોર ગૌરાબેન ગુંગાજી (ઉવારસદ)
- શ્રીમતિ કોદીબેન મણીભાઈ પટેલ (ગિયોડ)
- શ્રીમતિ ગોહિલ વર્ષાબેન બીપીનભાઈ (ઝુંડાલ)
- શ્રીમતિ તખીબેન હાલુસિંહ સોલંકી (ડભોડા)

આ કાર્યક્રમને સફળ બનાવવા કનુભાઈ પટેલ (ચૌધરી) મહાદેવપુરાએ જહેમત ઉઠાવેલ અને સુંદર વ્યવસ્થા કરેલ તેમ વિનોદભાઈ હીરાભાઈ પટેલ પ્રમુખ ગાંધીનગર તાલુકા સરપંચ એસોસીયેશનને એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## નીટની પરીક્ષામાં કુડાસણ સ્કૂલ ઓફ એૅચિવરના વિદ્યાર્થીઓ ઝળકયા

નીટની પરીક્ષામાં કુડાસણ સ્કૂલ ઓફ અચિવરના ૮ વિદ્યાર્થીઓએ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ છે. શાળાની વિદ્યાર્થિની સ્તુતિપ્રિયા જ્હાએ ૯૯.૮૬ ટકા પર્સન્ટાઈલ રેન્ક સાથે દેશમાં ૧૪૫૨મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. સીબીએસઈ દ્વારા મે-૨૦૧૭માં લેવાયેલી નીટ પરીક્ષાના તા. ૨૩ જૂનના રોજ જાહેર થયેલા પરિણામમાં




સ્કૂલ ઓફ અચિવર, કુડાસણના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુંછે. સ્કૂલની આશાસ્પદ વિદ્યાર્થિની સ્તુતિપ્રિયા જ્હાએ ૯૯.૮૬ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઓલ ઈન્ડિયા લેવલે ૧૪૫૨મા રેન્ક પર આવી ગુજરાતના પ્રથમ હરોળના વિદ્યાર્થીઓમાં સ્થાન અંકિત કરી સ્કૂલને ગૌરવ અપાવ્યું છે. સ્કૂલના પ્રથમ આઠ વિદ્યાર્થીઓએ ૯૦ કરતાં વધુ પર્સન્ટાઈલ રેન્ક મેળવી યશસ્વી કારકિર્દીની શરૂઆત કરી છે.



## બ્રહ્મ અગ્રણી અશ્વિન ત્રિવેદીને નેશનલ એક્સલન્સ અને વર્લ્ડ બુક ઓફ રેકર્ડ-૨૦૧૭ એવોર્ડ

આલ્મા ફાઉન્ડેશન તથા વર્લ્ડ બુક ઓફ રેકર્ડ લંડન દ્વારા તાજેતરમાં ઈન્દોર ખાતે રેડીસન હોટલ ખાતે કેન્દ્રના યુનિયન મંત્રી કલરાજ મીશ્રાની અધ્યક્ષતામાં નેશનલ એક્સલન્સ એવોર્ડ-૨૦૧૭ એનાયત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગરના જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદી તથા યુવા બ્રહ્મ અગ્રણી દિવ્ય ત્રિવેદીને સામાજીક, સ્વૈચ્છીક સંસ્થામાં કરેલ કાર્ય તથા સ્વચ્છતા યોગદાન બદલ નેશનલ એક્સલન્સ એવોર્ડ-૨૦૧૭ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પીઢ ગાંધીવાદી રાષ્ટ્રીય નેતા એસ.એન. સુબ્બારાવ તથા છત્તીસગઢના કેબીનેટમંત્રી પ્રેમ પ્રકાશ પાંડે, વર્લ્ડ બુક ઓફ રેકર્ડ લંડનના અધ્યક્ષ ડૉ. દિવાકર શુકલા, આલ્મા ફાઉન્ડેશનના અધ્યક્ષ સંતોષ શુકલા તથા રાજકીય, સામાજીક મહાનુભાવો તેમજ ૨૪ રાજ્યના પ્રતિનિધિઓએ હાજર અશ્વિન ત્રિવેદી તથા તેમના પરિવારના કાર્યને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.